## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*આપસી સમજથી તડજોડ થઈ જાય છે!*
*પોલીસ મદદથી ઓડનોડ થઈ જાય છે!*
*થઈ જાય માર્ગ અંધારે ‘પ્રકાશ’ ને સહારે -*
*પડે ફોડ, તોડથી બાંધછોડ થઈ જાય છે!*
*(પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી રંગે હાથ ઝડપાયા!)*

હાઈકુ

*સૌના સાથથી -*
*કાઢે વચલો માર્ગ -*
*સૌનો વિકાસ !*
*(કોર્ટ બહારની સમજુતિ!)*

*ગુન્હાઓ ઘટે -*
*કોર્ટ ભારણ નહીં,*
*આત્મ-નિર્ભર...*
*(હમારાજના ફાયદા)*

### ચિંતન

**વેદાહમ્ એતં પુરુષ મહાન્તમ્ આદિત્યવર્ણં તપસઃ પરસ્તાત્ ।**
**તમ એવ વિદિત્વા અતિ મૃત્યુમ્ એતિ નાન્યઃ પન્થા વિદ્યતે અપનાય ॥**

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

અંધકારથી પરે રહેનાર, આદિત્ય એટલે કે સૂર્ય સમાન વર્ણવાળા મહાન પુરુષને ઈશ્વરને હું જાણું છું. એને જ જાણીને જ માણસ મૃત્યુની પેલી પાર જાય છે. મૃત્યુને તરી જાય છે. એટલે ફરીથી એને જન્મ-મરણનાં ચક્કરમાં આવવું પડતું નથી. આ સંસારથી પાર ઉતારવા માટે આના સિવાય બીજો કોઈ માર્ગ નથી.

મૃત્યુ અને તેનું દુઃખ તથા ભય માનવીને સતાવે છે. તેમાંથી કેમ ઊગરવુંએ મથામણ પૂર્વના ઋષિઓ - ચિંતકોની તેમજ આજના વૈજ્ઞાનિકોની પણ રહી છે.

પરમેશ્વરને જાણી લેવાથી મૃત્યુની પાર ઉતરી જવાય છે. જાણવું એટલે બની જવું - થઈ જવું.

### સુવિચાર

- ફુલને ઉઘડવામાં સૂર્યપ્રકાશ સહાયક જરૂર બને છે પણ ઉઘડવું તો ફૂલને પોતાને જ પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શિખામણ તો ઘણાંને મળે છે, માત્ર ડાહ્યો માણસ જ તેનો લાભ ઉઠાવે છે - **જન્મભૂમિ**
- લાઈફને એન્જોય કરો, નહીં તો જિંદગીના અંતે તમારા હિસાબોમાં ફરિયાદો સિવાય કંઈ બચશે નહીં - **જીવનપાથેય**
- ઘરાક ન આવે તો પણ દુકાન ખુલ્લી રાખવાની અને ભાવ ન જાગે એટલે ધર્મક્રિયા છોડી દેવાની ? આ તો કેમ ચાલે? - **એસ. ભટ્ટાચાર્ય**
- ભગવાન અને ગુરુ આપણને ‘સારા’ તો લાગે જ છે, પણ જયાં સુધી ‘મારા’ નહીં લાગે ત્યાં સુધી આપણો એમની સાથેનો આપોપાંનો સંબંધ પ્રસ્થાપિત નહીં થાય - **સાધુ કિરપાલ દાસ**
- કેરી કાચી હોય ત્યારે તૂટી હોય, પછી ખાટી થાય, અને પછી મીઠી થાય. એ ન્યાયે કોઈ પણ માણસમાં પડેલા દોષો હોય પણ પછી ધીમે ધીમે સુધારો થાય - **જીવનપ્રાય બાપાશ્રી**
- આજનું ઔષધ : રોજ સવારે જમવામાં બીટનો સલાડ લેવાથી લીવર સ્વસ્થ રહે છે અને આંખોનું તેજ વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રામાયણના કથાકાર બસમાં બેસી પોતાના ગામે જતા હતા. બસના કન્ડકટરને ખબર હતી કે આ વડીલ રામાયણની કથા કરનારા છે. કંડકટરે કથાકારની ટિકિટ આપી. કથાકારે જોયું કે કંડકટરે હિસાબમાં દસ રૂપિયા વધારા ના આપી દીધા હતા. કથાકારને વિચાર આવ્યો. ઉતરતી વખતે એની ભૂલ સમજાવીને દસ રૂપિયા પરત કરી દઈશ. વળી ચંચળ મન વિચારે ચડ્યું કે નકામા કારણસર હું આ દસ રૂપિયા જેટલી મામૂલી રકમ માટે હું પરેશાન થઈ રહ્યો છું. આ મોંઘવારીમાં ભગવાન મને ભેટમાં આપ્યા છે. સરકાર અને એસ.ટી. પાસે તો ઘણા પૈસા છે. આ દસ રૂપિયામાંથી શું શું લઈ શકાય તેની મનમાં તૈયારી થવા લાગી. ઉતરવાનું બસ સ્ટોપ આવ્યું અને અચાનક જ તેમણે દસ રૂપિયા કંડકટરને પરત કરતાં કહયું, ‘ભાઈ, તમે ભૂલમાં મને દસ રૂપિયા વધુ આપી દીધા હતા.’ કંડકટરે હસીને કહ્યું, ‘મહારાજ,મારે ઘણા વખતથી તમારા મુખેતી કહેવાતી કથા સાંભળવી હતી, તમને બસમાં જોયા તો વિચાર આવ્યો કે હું તમને વધારે પૈસા આપી દઉં તો શું કરશો. હવે મને વિશ્વાસ થઈ ગયો કે તમારું પ્રવચન પ્રમાણે તમારું આચરણ પણ છે.’ કથાકારે કપાળે પરસેવો લૂછતા બે હાથજોડી ભગવાન શ્રીરામને પ્રાર્થના કરતાં કહ્યું, ‘હે પ્રભુ, તમે જ આજે મને બચાવી લીધો. મેં તો દસ રૂપિયાની લાલચમાં આવીને તમારા જીવન ચરિત્ર અને મારી શિક્ષાની બોલી લગાવી દીધી હતી. આપે મને સાચા સમયે તમે મને બચાવી લીધો અને મને સંભાળવાનો મોકો પણ આપી દીધો.’

# રસીકરણ મુદ્દે પ્રજા મૂંઝવણમાં

**તંત્રીસ્થાનેથી...**

વર્ષ પૂરું થતાંની સાથે ઉત્સવઘેલી પ્રજાના નજર નવા તહેવાર તરફ મંડાઈ રહી છે. ક્રિસમસની રાતો જામી નહીં કારણ કે પોલીસનો જડબેસલાક બંદોબસ્ત હતો. પરંતુ ઉત્તરાયણ તો ખુલ્લા આકાશનો ઉત્સવ છે. હજી દશેક દિવસનું છેટું હોવા છતાં પતંગરસિયાઓએ પ્રવૃત્તિ આરંભી દીધી છે. પવન પણ અનુકૂળ છે. સરકારનું ધ્યાન ચારે દિશાઓમાં રહેલું હોય છે. અગાઉથી આદેશ જારી કરી દેવાયો છે કે ધાબાઓ પર પચાસોથી વધુ માણસો એકઠા નહીં થઈ શકે. આવા આદેશો લગ્ન અને મરણ પ્રસંગો વિશે પણ બહાર પડાયેલા છે, જેનું છડેચોક ઉલ્લંઘન થતું રહ્યું છે. માસ્ક અને સોશિયલ ડિસ્ટંસ બાબતે પણ પ્રજાની બેદરકારી બહાર આવતી રહી છે. અખબારી અહેવાલો મુજબ દુનિયાના અન્ય સંપન્ન દેશોની સરખામણીએ આપણા દેશમાં કોરોનાના કેસ નિયંત્રણમાં છે. કેસોની ઘટતી સંખ્યા લોકો માટે ઉત્સાહપ્રેરક બની રહી છે એથી જે ભયનું વાતાવરણ ઊભું થયું હતું તે લગભઘ સમાપ્ત થઈ ગયું છે. રિકવરી રેટ સુધરતો જાય છે અને એ મુદ્દે ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે આવે છે. આમાં સત્ય કેટલું અને ગોઠવણ કેટલી એ તો ઈશ્વર જ જાણતો હશે. પરંતુ કેટલીક બાબતોમાં હવે લોકોએ વરસભર ચાલતા રહેલા કોરોનાના આતંકને શંકાની નજરે જોવાનું પણ ચાલું કર્યું છે. દિવાળી ટાળે ખરીદી માટે ટોળા થયાં એથી સંક્રમણમાં એકાએક વધારો થઈ ગયો તે વાત મહદંશે લોકોને ગળે ઊતરી ગઈ. પરંતુ એથી અનેકગણા ટોળાં કડકડતી ઠંડીમાં વિપક્ષ સમર્થિત ખેડૂત આંદોલન નિમિત્તે દિલ્હીનાં વિવિધ પ્રવેશદ્વારો પર થયાં ત્યાં કોરોના સંક્રમણ વધ્યું હોવાના અહેવાલ નથી. જે મૃત્યુ નોંધાયા છે તે ઠંડીના કારણે અથવા હાર્ટઍટેક કે પછી આત્મહત્યાના કારણે નોંધાયાં છે. વળી કોરોનાની બે રસીઓને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી મળતાં એનું રાજકારણ પણ ગરમાયું છે. રસીનો ટ્રાયલ પિરિયડ સામાન્ય રીતે દસ વર્ષ જેટલો લાંબો હોય છે. કોરોનાની રસી યુદ્ધના ધોરણે તૈયાર થઈ હોઈ ખુદ ડૉકટરો એને શંકાની નજરે જોઈ રહ્યા છે. વળી એ ‘આરએનએ’ રંગસૂત્રો પર આધારિત હોઈ રસી મુકાવનારના ‘ડીએનએ’ ને વિચલિત કરી અણધારી નવી આફત નોતરી શકે એવી સંભાવના અને દહેશત પણ વ્યક્ત કરાઈ રહી છે. રસીના સાનુકૂળ અસર કોરોના સંક્રમણથી બચાવે પણ શરીરનું ‘મેટાબોલીઝમ’ બગાડી મૂકશે તો ? આવી શંકા કુશંકાઓ વચ્ચે રસીના સફળ ડ્રાયરન પછી નિશ્ચિત કરાયેલી નામાવલી મુજબ રસીકરણનો કાર્યક્રમ આગળ વધશે. જો કે રસીકરણ સ્વૈચ્છિક છે અને નિઃશુલ્ક છે, એટલે કોઈ રસી નહીં મુકાવવા માગતું હોય તો એણે પરાણે રસી આપવામાં નહીં આવે. વળી રસીકરમ પછી પણ ‘કોરોના પ્રોટોકોલ’ તો જાળવવાનો જ છે. માસ્ક અને સોશિયલ ડિસ્ટંસ બાબતે કે વારંવાર સેનેટાઈઝર અથવા સાબુથી હાથ ધોવા બાબતે બેદરકાર રહેવું ભારે પડી શકે છે. પ્રજા સ્વાભાવિક રીતે જ અવઢવમાં છે.૧૩૫ કરોડની વિશાળ જનસંખ્યાને રસીકરણમાં આવરી લેવાનું ગંજાવર કામ સરકાર કઈ રીતે અને કેટલા સમયગાળામાં પાર પાડી શકશે તે પણ એક મોટો કોયડો છે. આશા રાખીએ કે સૂર્યના સંક્રાન્તિ પર્વ સાથ ખુદ કોરોના વાઈરસ સ્વેચ્છાએ વિદાય લે !

# માણસે પોતાની અંદર રહેલી શક્તિથી નવા વર્ષમાં આગળ વધવું પડશે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

વર્ષ ૨૦૨૧... શુભારંભ થઈ ચૂક્યો છે. મારી કલમ દ્વારા લખાયેલો લેખ આ અખબારના માધ્યમથી આ વર્ષમાં પહેલીવાર પ્હોંચી રહ્યો છે. ત્યારે સૌપ્રથમ તો આપ સહુ વાચકોને દિલ સે Happy New Year. ૨૦૨૧નું વર્ષ તમારા માટે, અમારા માટે, સમગ્ર વિશ્વ માટે કલ્યાણકારી - શુભ બની રહો એ જ પ્રાર્થના અને શુભકામનાઓ.

આ લેખ લખવા માટે ટેબલ પર બેઠો હતો અને ઘરમાં મારો દોસ્ત જસ્મીન અને સાથે હિંમાંશુ આવ્યા...વાતો કરી શું લખવા બેઠા? એમ પૂછ્યું... મેં કહ્યું કે ‘નવા વર્ષનો પ્રથમ લેખ લખવા બેઠો છું. તો મને જસ્મીન કહે ‘એક કામ કરો, નવા વર્ષની વાતને જૂના સંદર્ભો સાથે રજૂ કરો...’ દરમિયાન ચા-નાસ્તો આવ્યા એટલે અમે વાતોએ વળગ્યા... જતા જતા હિમાંશુ કહે, ‘જૂના સંદર્ભમાં શું લેવું એ તું નક્કી કરજે...’

એ બંને ગયા ને મને વિચાર કરતો કરતા ગયા... દરમિયાન રેફરન્સીસ જોતા જોતા એક દાયકાઓ જૂની એડવર્ટાઈઝ મેન્ટ ધ્યાને ચડી અને એમાંથી સ્મરણ થયું ૧૯૯૦ના દાયકાના બીજા ભાગમાં બનેલી એક ઠંડા પીણાની જોરદાર જીંગલ્સનું. એ જીંઘલ્સની ટેગ લાઈન લખી અને નવા વર્ષની વાત કરવી છે. એ ટેગલાઈન પર આખોયે લેખ લખવો છે.

એ જાહેરખબરમાં જે તે સમયે ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ ખેલાડીઓ અને હિન્દી સિનેમાના લોકપ્રિય કલાકારોએ એકટીંગ કરી હતી. એ જાહેરખબર ટેગલાઈન હતી....

એ દિલ માંગે મોર...

૨૦૨૧ના વર્ષમાં આપણે સહુએ આ શબ્દોને આત્મસાત કરવા પડશે.... આ ટેગ લાઈનમાં જે ચાર શબ્દો છે એને આપણા જીવનમાં ઉતારવા પડશે...

એ દિલ માંગે મોર... ના શબ્દોને નવા સમય પ્રમાણે નવા વર્ષની માંગ મુજબ નવા વર્ષની જરૂરિયાતોને અનુરુપ થઈને આપણે જીવવા પડશે. મારા પર જેમનો અપાર સ્નેહ રહ્યો છે એવા કવિ લેખક ભાગ્યેશ જહાએ એમની કોલમમાં લખ્યું છે. ‘વિષજાળ બનેલું વર્ષ વીસ-વીસ...’ હવે એની અસરોમાંથી મુક્ત થવા પ્રત્યેક માણસે પોતાની અંદર રહેલી શક્તિમાંથી નવા વર્ષમાં આગળ વધવું પડશે.

આજ સુધી જે પુરુષાર્થ કર્યો, પરસેવો પાડ્યો એમાં થોડો વધુ MORE પુરુષાર્થ કરવો પડશે... અત્યાર સુધી જે સપના સેવ્યા અને એને સાર્થક કરવા જે અને જેટલા સાહસો ખેડ્યા તેમાં થોડું વધારે MORE આગળ જવું પડશે... અત્યાર સુધી આપણે જે રીતે જીવનશૈલી અપનાવી, સાવ કોરા ધાકોર ભૌતિકવાદી બનીને જીવ્યા, પૈસાની દોટમાં પ્રેમ-પ્રાર્થના પરિવાર માટેનો સમય ચૂક્યા એ સ્થિતિમાં થોડો વધુ MORE બદલાવ લાવવો પડશે. બુદ્ધિથી જીવ્યા વિના છૂટકો નથી પણ, દિલથી પણ થોડું વધુ MORE જીવવું પડશે...

વાસ્તવિક સ્થિતિનો સ્વીકાર કરીને, આર્થિક આવક-જાવકના હિસાબો માંડીને થોડી વધુ કરકસરથી જીવવું પડશે... જરૂરી અને બિનજરૂરી વસ્તુઓની યાદી થોડી વધુ MORE ગંભીરતાથી તૈયાર કરવી પડશે. ખર્ચાઓ પર થોડો વધુ MORE અંકુશ લાવવો પડશે.

અસ્તિત્વના - પરમેશ્વરના જે સ્વરુપને માનતા હોઈએ એ સ્વરુપ સમક્ષ થોડા વધુ MORE પ્રાર્થના કરવી પડશે... આપણા પરિવારને થોડો વધુ MORE સમય આપવો પડશે.... આપણી જાતને આપણા શોખને માટે MORE સમય આપવો પડશે. પ્રિયજનો સ્વજનોને થોડો વધુ MORE પ્રેમ કરવો પડશે. અને જયાં જયાં આપણી ચેતના - શ્રદ્ધા જોડાઈ હોય એ થાનક કે એ સદ્‌ગુરુ સાથે થોડો વધુ ભરોસાને સમર્પિત કરવો પડશે.... યે દિલ માંગે મોર... બસ જયાં જયાં સાહસ છે. હિંમત છે, પુરષાર્થ છે, પ્રેમ છે, સેવાને સંયમ છે, ઉર્જાને ઉલ્લાસ છે ત્યાં ત્યાં થોડા વધુ MORE પ્રયત્નો કરવા પડશે...

હું પણ એવું કરવા સંકલ્પ લઉં અને આપનું જીવન પણ આપના સંકલ્પોથી સાકાર રહો એવી શુભકામનાઓ...

નવા વર્ષ નિમિત્તે લખાયેલા મારા એક ગીતની પંક્તિઓ ઉઘાડ ઉર્જા અને ઉલ્લાસ લીયે નીકલી હૈ નૂતન ભોર ફૈલ ચૂકી સૂરજ કી કીરને તુ ચલ, ઉજાસ કી ઔર...

# અકેલે હૈ તો ક્યાં ગમ હૈ...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

કોઈકવાર એકાન્તની ભારે ઉત્કંઠા જાગી ઊઠે છે. એવું એકાંત જેમાં આપણું પોતાનું ‘હોવાપણું’ પણ ખલેલ ન પહોંચાડે... આપણી અંતર્મુખ થવાની વૃત્તિ એકાન્ત ઝંખે છે.

જયારે કશુંક ચિત્તમાં આકાર ધારણ કરવા માંડે છે... ત્યારે આપણે તેમાં જ ઓતપ્રોત થઈને ઊઠીએ છીએ...

રિલ્કેએ કહ્યું છે કે - ‘એકાન્ત હોય એ તો સારું, કારણ કે એકાન્ત જીવનનું અઘરું હોય છે.’ પીડા અને દુઃકનું ઘોડાપુર આવી ત્યારે ઉપરોક્ત સ્થિતિમાં સરી પડાય છે.

પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ વિષે કોઈ દિવસ શાંતિથી વિચાર કરજો, આપણને જણાશે કે કૃષ્ણ જેવી એકલતા કદાચ કોઈની નહોતી... જે અવસાદ જે દુઃખ કૃષ્ણએ હસી હસીને અનુભવ્યું છે, કદાચ તે શક્તિ ને કારણે પમ તેઓ પૂર્ણપુરુષોત્તમ કહેવાયા.

રાધા અને ગોકુળ છોડીને નંદ અને યશોદાને ત્યજીને કર્તવ્ય પંથ પર મથુરા ચાલ્યા જવું; બધા માટે ભલે કૃષ્ણ ‘લીલાધર’ હોય પરંતુ સ્વયં માટે તો કૃષ્ણ ‘પીડાધર’ જ હતા...

જન્મ સાથે સગી જનેતાથી વિખૂટા પડીન અજાણ્યા પ્રદેશમાં પહોંચી જવું, ત્યાર પછી એ જ માતાપિતા અને સ્નેહાળ લોકોને છોડીને કપટી અને દુરાચારી લોકો વચ્ચે જઈને વસવું, એ કોઈ જેવી તેવી વાત છે!

રાધા અને નંદ - યશોદાનો નિર્મળ પ્રેમ તેમને આખી જિંદગી બીજા કોઈ પાસેથી ન મળ્યો... કૃષ્ણ જેવી એકલતાની મૂર્તિ સમું બીજી કોઈ ન હતું.

પ્રભાસ પાટણ પાસે આ જ અવસાદ આ જ વિષાદથી ઘેરાયેલા કૃષ્ણ એકલતા અને એકાન્તની પાતળી ભેદરેખા હવે તેઓ કદાચ શાંતિથી જોવા માંગતા હતા... સરસ્વતીના નિર્મળ જળની સરવાણી વચ્ચે શ્રીકૃષ્ણ પગ ચડાવીને એકાન્ત ઝંખતા હતા, ત્યારે જ તેમના એકાન્તને ચીતરતું પારધીનું બાણ તેમણએ ખૂપી ગયું, કદાચ આ જ કારણે ત્યાર પછી સરસ્વતી નદી પણ પૃથ્વીના પેટાળમાં વહેવા લાગી છે.

એકાંત ખરેખર તો સ્વયં સાથે સંવાદ કરવાનું સાધન છે.

જીવન મેં દોનો આતે હૈ,
મિટ્ટી કે પલ સોને કે ક્ષણ,
જીવન સે દોનો જાતે હૈ,
પાને કે પલ, ખોને કે ક્ષણ,
‘હમ જિસ ક્ષણ મં જો કરતે હૈ,
હમ બાધ્ય વહીં હે કરને કો
હંસને કા ક્ષણ પાકર હંસતે હૈ
રોતે હે યા રોને કે ક્ષણ’

વાસ્તવમાં મનુષ્ય જયારે સ્વસ્થ, અને સંતુષ્ટ હોય ત્યારે અને કોઈ પીડા ન હોય ત્યારે માણસને દર્શન સુઝે છે...

જીવનમાં એક કાળ એવો આવે છે, જયારે પડછાયો પણ આપણાથી વેગળો ચાલે છે, મિત્ર અને મિત્રતા બંને જયારે ઝૂંટવાઈ જાય ત્યારે... ત્યારે પરાણે એકલતા સાથે બાઈબંધી કરવી પડે છે...

પાર્ટીઓ અને દરબારો ડાયરાઓ વચ્ચે રહેવા છતાં આપણે એકલા છીએ...

શુદ્ધ અને સાત્ત્વિક એકાન્તને આજના વાતાવરણમાં શક્ય છે ખરું.

કેટલીકવાર તો આવા એકાન્તમાંથી આપણને ઘણા પ્રશ્નોના ઉત્તર આપોઆપ મળી જાય છે.

દિવસ જાણે બપોરે સુધી પહોંચ્યા પછી એકાએક થંભી ગયો હોય તેવો ઠહરાવ જિંદગીમાં આવી જાય છે, શબ્દો તો ઘણા છે પણ કોઈ યોગ્ય લાગતા નથી.

શબ્દોને પથ્થર બનાવીને જગત પર ફેંકે રાખતા તેના કરતા તો મનમાં ભંડારી દેવા વધુ યોગ્ય છે.

હૃદયમાં જે અવિરત ચાલ્યા જ કરે છે તેની અસહ્યતાનો ભાર ન ઝીલી શકવાને કારણે પણ જો તેને અભિવ્યક્ત કરવા જાય તો સાવ પાસેના વ્યક્તિ પણ એમાં વિશ્વાસ મૂકતા નથી.... આથી ધીમે ધીમે વાણીમાંથી પીછેહઠ કરીને મૌનની શિલાનીચે જીવતે જીવત ધરબાઈ જવા સિવાય બીજું કશું કરવાનું રહેતું નથી.

આ વિષમ સામાજિક પરિસ્થિતિને, અભદ્રતાની હદ વટાવી જતા રાજકારણીઓની બિભત્સ વાતોથી, કૌભાંડોથી દાંત કચકચાવીને નિરાશાની વાતો કરવાનું ઝનૂન ચડે છે.

એકાન્ત સજીવન કરે છે જયારે એકલતા મારી નાખે છે... મનમાં વિચારોની ધમાચકડી ચાલે છે... હું હજી તાજી ફૂટેલ કૂંપળનું આશ્વાસન લેવા મથું છું... ‘સબ સલામત’ ના નારા લગાવવા ઈચ્છું છું.

જાણું છું કે આ બધી હત્યા, આ હિંસા ભ્રષ્ટાચાર, અત્યાચાર - બધું જ આપણને કોઠે પડી ગયું છે... આપણી સહનશીલતા અને ક્ષમાશીલતાની તો હદ નથી... ગમે તેવા રાજનેતાને સહી લેવાની શરમજનક સહનશીલતા સામે આપણે મૂંગા બેઠા છીએ... આ ક્ષમાશીલતા વધુ ને વધુ ગહન એકલતામાં સરકી જવાના સહાયરુપ થઈ પડે છે.

એકલતામાં વિચારો અસ્પષ્ટતાથી અને મિશ્રિત આવે છે... જયારે આપણને કોઈ મૂંગા બનાવી દે છે ત્યારે જે મૌન છે તે ખરેખર પશુની અબોલતા કહેવાય.... ભાવશૂન્ય, લાગણી શૂન્ય ચિત્તશૂન્ય અવસ્થામાં પહોંચાડવા માટે આજના યુગમાં પર્યાપ્ત સાધનો મળી રહે છે.

સમય એવો છે કે, પોતાના સગા અને સ્નેહીજનો માટે આપણી પાસે સમય નથી તો પોતાની જાત માટે સમય ક્યાથી કાઢીએ!

દરેક વ્યક્તિ ભર ટોળામાં પોતાનું એકાન્ત લઈને ચાલતો હોય છે. એકલતા સાથે બાખડતો હોય છે.. એકલા હોવું, એકલા પડી જવું, એકલા પાડી દેવામાં આવવું, આ બધામાં ફરક છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# ‘કોઈ દિવસવાળુ’ ચક્કર ક્યારેય પુરું થતું જ નથી

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અંગ્રેજીમાં એક શબ્દ છે ‘કન્વિકશન’. આ શાનદાર શબ્દ અક્ષરોનો એક સમુહ માત્ર નથી. કન્વિકશન શબ્દ જીવનમાં નવતર પરિમાણો પ્રસરાવતો પ્રકાશપૂંજ છે. કન્વિકશન એટલે સ્પષ્ટ વિચાર, દ્રઢ નિશ્ચય, ચોક્કસ સમજણ, ખાતરી, શ્રદ્ધા, વિશ્વાસ અર્થ થાય. આ બધા ઉપરાંત કાનૂની પરિભાષામાં કોઈ ગુનો સાબિત થાય ત્યારે ‘કન્વિકશનહ્વ શબ્દનો પ્રયોગ થતો હોય છે. જો કે, કન્વિકશન માટે રસગુલ્લાની માફક ગળે ઉતરી જતો સીધો અને સચોટ શબ્દાર્થ ‘પ્રતીતિ’ છે.

પોતાના શમણાં સાકાર કરવા વ્યક્તિને જીવનમાં એકવાર નક્કર પ્રતીતિ થવી જોઈએ. પ્રતીતિ થાય પછી તેની પડખે અડિખમ સતત ઊભા રહેનારા સપના પૂરા કરી શકે છે. પોતાના વિચારને મૂર્તિમંત કરવા માટે સ્વયં જ દ્રઢતા સાથે સ્પષ્ટ થવું પડે કારણ કે, તમારા સપના સાકાર કરવા કોઈ બીજુ ક્યારેય નહીં આવે. વળી પ્રશ્ન એ પણ છે કે, બીજુ કોઈ તમારા સપના પૂરા કરવા માટે આવે પણ શા માટે ? એ વાત તો બિલકુલ નિર્વિવાદપણે માનવી પડે કે, જેના હૃદયમાં અને મનમાં સ્પષ્ટ પ્રતીતિ નથી એની પાસે આસમાનને આંબવા માટે પાંખો નથી. બ્રાઝિલીયન લેખક અને ચિંતક પૉલો કોએલોના મતે પુસ્તકો જ્ઞાનના દરવાજા ખોલે છે અને રોજેરોજ એ જ્ઞાનના સુચારુ ઉપયોગ દ્વારા ‘કન્વિકશન’નું પિંડ બંધાતુ હોય છે. જ્યારે એક ચોક્કસ વિચાર માટે સ્પષ્ટ રીતે ખાતરી થઈ જાય પછી એ દિશામાં ઉપડેલા નાના પગલાં પણ સાચા લક્ષ્યની દિશામાં આગળ વધવામાં આનંદના માઈલ સ્ટોન જેવા બની જતા હોય છે.

વસ્તુઓ હોવાનો અને વસ્તુઓ પોતાના અસ્તિત્વમાં ઓલરેડી મૌજૂદ હોવાનો અહેસાસ બે અલગ બાબત છે. રૂપિયા-પૈસા એશો-આરામની ચીજવસ્તુઓ ચોક્કસ લઈ શકશે, પરંતુ શું એનાથી સુખ મળી જશે. ધનાઢ્ય લોકો પણ દુઃખી, વ્યગ્ર અને વિહવળ જોવા મળતા હોય છે. જીવનનું ખરૂ સત્ય ‘કન્વિશન’ની તાકાતમાં પડેલું છે. ‘બેટર’ અને ‘બીટર’ જીવનના બે માર્ગો પૈકી ‘બેટર’નો વિકલ્પ પસંદ કરી ‘બીટર’ને ભુલવાવાળા વિજયી બનતા હોય છે. એક બહેનના જીવનની એક મજાની સત્ય કહાની છે. એ બહેન જ્યારે ધોરણ બારમાં ભણતા હતા ત્યારે શાળામાં એના જ કલાસમાં ભણતા



એક કિશોરે કહ્યું, ‘તું મને બહુ ગમે છે. તું મારી સાથે લગ્ન કરીશ ?’ એ વખતે કિશોરીએ સટાક દઈને જવાબ આપી દીધો, ‘હું આ દિશામાં વિચારતી જ નથી મને ખબર નથી કે, તારા અને મારા ભાવિ જીવનના વિચારો મેળ ખાય છે કે નહીં ?’ બરાબર એક વર્ષ પછી કોલેજના પ્રથમ વર્ષમાં આ યુવાને ફરી પેલી યુવતી સામે પ્રપોઝલ મૂકી ત્યારે યુવતીએ સ્પષ્ટ કહી દીધું કે, ‘હું જાણું છું કે પ્રેમ શરતોથી ન થાય પરંતુ આમ છતાં મારી બે શરત છે. એક તો જે લોકો અભાવોમાં જીવે છે એમની સાથે ભાવપૂર્વક મારે જોડાઈ એમને જીવનભર મદદ કરવી છે અને બીજું ભવિષ્યમાં મારે એક એવું બાળક દત્તક લેવું છે કે, જેનું કોઈ ન હોય અને એનુ ભવિષ્ય ધુંધળું હોય.હ્વ

આ સાંભળી યુવક તો દિગ્મુઢ થઈ ગયો. તે ત્યાંથી કશુ બોલ્યા વગર ચાલ્યો ગયો. આ વાત એના મનમાં બે વર્ષ સુધી સતત ઘોળાતી રહી. કોલેજના છેલ્લા વર્ષમાં પેલો યુવક ફરી પાછો યુવતી પાસે આવ્યો અને બોલ્યો, ‘તેં બે વર્ષ પહેલા મારી સામે મુકેલી બે શરતો ઉપર મેં ગંભીરતાથી વિચાર કર્યો છે. તારા આ વિચારો અને ભાવનાઓએ મારા ઉપર ચમત્કારિક અસર કરી છે. હું પણ તારી આ વિચારધારામાં વહેવા માંગુ છું. શું તું મારી સાથે સહજીવન જીવવા માટે તૈયાર છે ?’ યુવતીએ સહર્ષ સંમતિ આપી. યુવાનીમાં દ્રઢીભુત થયેલા વિચારો ઉપર આજે પણ આ યુગલ આનંદથી સહજીવનમાં આગળ વધી રહ્યાં છે.

આ આખા પ્રસંગમાં પંદર સત્તર વર્ષની વયે થયેલા જબરજસ્ત કન્વિકશનની વાત છે. કેવી અદભુત શક્તિ હોય છે પ્રતીતિની. એકવાર નક્કી કરી લીધા પછી નિષ્ઠાપૂર્વક એ પ્રતીતિને વળગી રહેવાથી જીવનમાં આગળના તમામ માર્ગો કેવા આસાનીથી ખુલી જતા હોય છે ! સામાન્ય રીતે બધા ‘કોઈ દિવસ’ની માયાજાળમાં સપડાઈ જતા હોય છે. ‘કોઈ દિવસ’ મારી પાસે સાચુ જ્ઞાન હશે, ‘કોઈ દિવસ’ હું સમાજના ગરીબો-પીડિતો માટે સેવા કરીશ, ‘કોઈ દિવસ’ હું મારું જીવન મારી શરતો ઉપર આનંદથી જીવીશ વગેરે. યાદ રહે કે, ‘કોઈ દિવસવાળુ’ ચક્કર ક્યારેય પુરું થવાનું નથી. ચોક્કસ ખાતરી એટલે કે કન્વિકશન થાય પછી એની પડખેથી ન ખસવું એટલું જ નક્કી કરાય તો બસ બહુ થયું. કોઈ વ્યક્તિને ૫૫ વર્ષો સુધી કોઈ પ્રતીતિ જ ન થાય અને ૫૫ વર્ષે પણ ૨૦ વર્ષનો હોય એમ વર્તે તો એણે જીવનના ૩૫ વર્ષો વેડફી નાખ્યા છે એમ જ કહેવાય.

મહાન બોક્સર મહમ્મદ અલી કહે છે કે, ‘લાઈફમાં ચેમ્પિયન શારીરિક ક્ષમતાઓથી થોડા બનાય છે ? ચેમ્પિયનશીપનું ટાઈટલ તો હૃદયપૂર્વક થયેલી પ્રતીતિથી નિષ્પન્ન થતી ઈચ્છા, સપના, દ્રષ્ટિકોણ કેળવવાથી જીતી શકાય છે.’ આંખોમાં કોઈ સપના ભરીને જોવા પડે. નિષ્ફળતાના ડરને બેનકાબ કરવાની હિંમત રાખવી પડે. ‘કોઈ દિવસ કરીશ’ના વિચારોની ગુલામીની બહાર નીકળતા શીખવું પડે.

ગાંધીજીનું મલ્ટી ડાયમેન્શન વ્યક્તિત્વ હતું. પરંતુ ગાંધીજીના જીવનના કેટલાક પાસાઓએ એમને એમના સમકાલીન લોકોથી અલગ અને વિશિષ્ટ બનાવી દીધા. જગતના તમામ દિગ્ગજ પર્સનાલિટીઓમાં સ્પષ્ટ વિચારો અને નક્કર પ્રતીતિ ધરાવતા વ્યક્તિ તરીકે એમની પહેચાન પ્રસ્થાપિત એમણે કરી. એ એટલા માટે યુગપુરુષ કહેવાયા કે એમના ખ્યાલો અને વિચારોને એ જીવનભર ખાતરીપૂર્વક વળગી રહ્યા. કન્વિકશનની તાકાતનો વિશ્વમાં ગાંધીજીથી ઉત્તમ કોઈ દાખલો હોઈ જ ન શકે. રીયલ એકશનનું બેકડ્રોબ કન્વિકશન છે.

**ધબકાર :**

**ઇચ્છાઓ લક્ષ્યનો માર્ગ બતાવતી હોય છે, પરંતુ પ્રત્યેક પ્રયત્નોની પાછળ તો પ્રતીતિ હોય છે.**